



અબકી બાર ભાજપા સરકાર - ગાંધીનગર લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર લાલકૃષ્ણ અડવાણીના પ્રચારાર્થે સોમવારે જનસંપર્ક યાત્રાઓ યોજાઈ હતી. સેક્ટર-૭માં અડવાણીજીના પુત્ર જયંત અડવાણી અને કાર્યકરોએ ડોર-ટુ-ડોર સંપર્ક કર્યો હતો. જ્યારે સેક્ટર-૮માં ધારાસભ્ય અશોક પટેલ અને આશિષ દવેના વડપણ હેઠળ કાર્યકરોએ જનસંપર્ક અભિયાન ચલાવ્યું હતું. ધીમે ધીમે ગાંધીનગર શહેરમાં ચૂંટણીનો રંગ જામતો જાય છે. ભાજપના પ્રચારકોની ટુકડી સાથે રિક્ષામાં વાગતા ગીતોથી સમગ્ર વાતાવરણ જીવંત બની ગયું હતું. (તસવીર : દિપક જાની)

# ડૉ. આંબેડકરની જન્મ જયંતિએ પ્રતિમા સમક્ષ શ્રદ્ધાસુમન અર્પણ કરતા મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર ખાતે આજે આંબેડકરની પ્રતિમા સમક્ષ ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર અને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ શ્રદ્ધાસુમન



(તસવીર : દિપક જાની)

અર્પણ કર્યા હતા.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ પ્રસંગે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ દેશને સંવિધાનની અણમોલ ભેટ આપનારા બાબાસાહેબને દલિતો વંચિતો શોષિતોના કલ્યાણ માટે આજીવન પ્રતિબદ્ધ વ્યક્તિત્વ ગણાવતા કહ્યું હતું કે દેશનું દુર્ભાગ્ય છે કે વંચિતો શોષિતોના આ મસિહાને કોંગ્રેસની શાસકો સતત અન્યાય કરતા રહ્યા છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે કોંગ્રેસના શહેજાદા પોતાના ભાષણોમાં કોંગ્રેસે દલિતો વંચિતો માટે જાણે તેમના પક્ષે જ કામો કર્યા હોય તેવા ખોટા ગાણા ગાય છે. તેમને સંવિધાનની પ્રક્રિયામાં ડૉ. બાબાસાહેબ આંબેડકરના યોગદાનને ભુલાવી દઈ કોંગ્રેસ પક્ષને જ દલિતો પીડીતોના ઉદ્ધારક તરીકે ખોટી ક્રેડીટ આપવાની વાતો કરીને દેશના દલિતોનું જ નહિ બાબાસાહેબનું પણ અપમાન કર્યું છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ કહ્યું હતું કે ભીમરાવ આંબેડકર એ વંચિત વર્ગોને સંગઠિત શિક્ષિત બનવાનું જ આહવાન કર્યુ હતુ તેને આત્મસાત કરીને તેમના ચીંધેલા માર્ગે ચાલીએ સંગઠિત બનીએ તેજ તેમને સાચી શ્રદ્ધાંજલિ છે.

આ પ્રસંગે સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રી રમણલાલ વોરા સહીત અગ્રાણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ભાજપ વિધાનસભા કરતા ત્રણ ગણી સરસાઈ મેળવશે

## ગાંધીનગર ઉત્તર વિધાનસભા વિસ્તારના ભાજપના ચૂંટણી કન્વીનર વાડીભાઈ પટેલે જંગી જીત નિશ્ચિત બતાવી

ગાંધીનગર, તા. ૧૪

આગામી લોકસભાની ચૂંટણીને અનુલક્ષી પ્રચાર ઝુંબેશ તેજ બનતી જાય છે. સેક્ટરની શેરીઓમાં ભાજપ અને કોંગ્રેસ બન્ને પક્ષના રાજકીય આગેવાનો અને કાર્યકરો મતદારોને આકર્ષવા ઘરે-ઘરે પ્રચારમાં ફરી રહ્યા છે. સે. ૭ અને ૮ માં આજે ભાજપના રાષ્ટ્રીય નેતા લાલકૃષ્ણ અડવાણીને જંગી બહુમતીથી જીતાડવા સેક્ટરવાસીઓને અપીલ કરતા નજરે પડ્યા હતા. આ પ્રચાર અભિયાનમાં ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોક પટેલ, પૂર્વ સહકારમંત્રી વાડીભાઈ પટેલ, શહેર ભાજપ પ્રમુખ નીતિન પટેલ, આશિષ દવે, કનુભાઈ દેસાઈ, ભીમશી આહીર સહીત જાણીતા કાર્યકરો પણ જોડાઈ હતી. સાઉન્ડ રીક્ષામાંથી મોદી ફોર પી.એમ. ની સાથે ભાજપના સનેડાએ પણ પ્રચાર ઝુંબેશમાં ધૂમ મચાવી હતી. સે. ૮ના સરકારી વસાહત, ખાનગી રહેણાંક તેમજ શોપીંગ વિસ્તારમાં ગાડીઓના કાફલા સાથે પણ કેટલાક

● અનુસંધાન પાન-૭ પર

# ચૂંટણી ચમકારા...

- ચૂંટણી પ્રચારમાં ગરમીથી પરેશાન કોંગ્રેસી મહિલા કાર્યકર બરફનો ગોળો આરોગી ઠંડક મેળવવાનો પ્રયાસ કરી રહી હતી.
- ગાંધીનગરમાં ભાજપના નેતાઓએ મોદી પ્રેમ પામવા માટે ભાજપનુ પ્રતિક 'કમળ'નું નિશાન હાથ પર કોતરાવ્યું છે.
- શહેરના સેક્ટરીયા પ્રચાર દરમિયાન સે. ૮માં કોંગ્રેસ અને ભાજપની પ્રચાર રીક્ષા સામ સામે આવી જતા કુતુહૂલતા વ્યાપી.
- પ્રચાર દરમિયાન ભાજપની મહિલા કાર્યકરો 'આઈ બિલીવ ઈન મોદી એન્ડ-યુ' ? ના લખાણવાળા લગાવી ફરતી નજરે પડી હતી.
- શહેરમાં ચાલતા ચૂંટણી પ્રચાર ઝૂંબેશમાં ભાજપ પક્ષની પ્રચાર રીક્ષામાં સનેડો-સનેડો ગીત ધૂમ મચાવી રહ્યું છે.
- આજે સેક્ટર-૮માં ભાજપ તરફથી ચૂંટણી પ્રચારમાં ૧૫ કાર્યકરો જોડાયા હતા.
- આજે સે. ૧૬ પાટનગર યોજના ભવન ખાતે આમ આદમી પાર્ટીના ચૂંટણી કાર્યાલયનો પ્રારંભ થશે.

# ગાંધીનગરમાં ચુંટણી પ્રચારનો ગરમાવો પણ ગ્લેમર નહી...!!

## પ્રચાર પોસ્ટર્સનું ચલણ નહીંવત : કર્મચારીઓનું નગર હોવાથી પ્રચાર ઝુંબેશ દરમિયાન સેક્ટરોમાં અદબ વર્તાય છે

ગાંધીનગર, તા.૧૪

મતદાનની તારીખો નજીક આવતા પ્રચાર ઝુંબેશ પરાકાષ્ઠા તરફ છે. પરંતુ ગાંધીનગરમાં હજુ પણ ચુંટણી પ્રચારમાં રોનક જોવા મળતી નથી. અલબત્ત ચુંટણી લક્ષી માહોલ ધીમે ધીમે ગરમાઈ રહ્યો છે. આમ છતાં રાજકીય પક્ષોના પ્રચાર માટે ખાસ કોઈ હોર્ડીંગ્સ કે પોસ્ટરો નજરે પડતા નથી. બીજી તરફ મેગાસીટી સહીતના અન્ય શહેરોમાં પોસ્ટર પ્રચાર મોખરે જોવા મળે છે ત્યારે શહેરમાં મોટા ભાગે સરકારી જમીન, વસાહતો અને કચેરીઓ સ્થિત હોવાથી આદર્શ આચાર સંહીતાને ધ્યાને લઈને પણ વિવિધ રાજકીય પક્ષોમાં પોસ્ટર પ્રચારનું ચલણ ઓછું હોવાનું મનાઈ રહ્યું છે. ખાનગી રહેણાંકમાં પણ પોસ્ટર કે હોર્ડીંગ્સ લગાવવા પ્લોટ કે મકાન માલિકની લેખિત મંજૂરી નિયમ મુજબ જરુરી હોવાથી ખાનગી સ્થળોએ પણ રાજકીય બેનરો કે પ્રચાર પોસ્ટરો જોવા મળતા નથી. સરકારી કર્મચારીઓનું નગર હોવાથી આ મામલે

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં જોરશોરથી કોંગ્રેસનો પગપાળા જનસંપર્ક

ગાંધીનગર.તા.૧૪

લોકસભા ચુંટણીને પગલે તમામ રાજકીય પક્ષો ના કાર્યકરો આગેવાનો એ રંગે ચંગે -ચાર શરુ કરી દીધો છે ત્યારે ધીમે ધીમે ગાંધીનગર શહેર માં પણ ચુંટણી નો માહોલ જામી રજ્ઞો છે.ડોર તું ડોર -ચાર માટે ગાંધીનગર શહેર જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ૨૦ એ-લિ સુધીનો પદયાત્રા કાર્યક્રમ ઘડી કાઢ્યો છે.આજે ગાંધીનગર કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોએ મોટી સંખ્યા માં એકત્ર થઈને સેર ના સે.૮ ,૯, ૧૧, ૧૨, ૧૩ અને રીગ રોડ પર પદયાત્રા -ચાર કર્યો હતો.-ચાર દરમ્યાન પદયાત્રા ની સાથે રિક્ષા માં દેશ ભક્તિ ના ગીતો અને ઢોલીને પણ સાથે રાખવા માં આવ્યા હતા.

ગાંધીનગર લોકસભા બેઠક ના ઉમેદવાર કિરીટ પટેલના સમર્થન માં ગાંધીનગર શહેર જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા શહેરના તમામ સેક્ટરો તથા આસપાસ ના ગ્રામ્ય વિસ્તારને આવરી લે તે -કારે -ચાર -સાર ની રૂપરેખા તૈયાર કરી દેવામાં આવી છે.૨૦ એ-લિ સુધી પદયાત્રા અને વોર્ડ વાઈસ ગ્રુપ મીટીંગો નું આયોજન કરી ચુંટણી -ચાર નો તખ્તો ઘડી કાઢયો છે.શનિવારે સે.૧ થી ૩ અને ઈન્ફોસિટી વિસ્તાર માં પદયાત્રા -ચાર કર્યા બાદ ગઈ કાલે સે.૪ થી ૭ ને આવરી લઈ તે તમામ સેક્ટરના રીગ રોડ પર ફરીને ડોર ટુ ડોર -ચાર કર્યો હતો.આજે કોંગ્રેસ ના આગેવાનો અને કાર્યકરો એ સે..૮, ૯, ૧૧, ૧૨, ૧૩ અને તે તમામ સેક્ટર ના રીગ રોડ પર પદયાત્રા કાઢીને જાણ

● અનુસંધાન પાન-૭ પર







જય હાટકેશ - હાટકેશ જયંતિ નિમિત્તે ગાંધીનગર ખાતે શોભાયાત્રા, લઘુરુદ્ર અને પૂજન-અર્ચનના કાર્યક્રમો યોજાયા હતા. વીસનગરા નાગર પરિવાર દ્વારા સાંજે યોજાયેલ શોભાયાત્રામાં જ્ઞાતિજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. જ્યારે વડનગરા નાગર પરિવાર દ્વારા લઘુરુદ્ર અને સ્નેહ ભોજનનો કાર્યક્રમ જીવરાજ મહેતા ભવનની સચિવાલય કેન્ટીનમાં યોજાયો હતો. જેમાં પરિવારના સભ્યો મોટી સંખ્યામાં જોડાયા હતા. (તસવીર : દિપક જાની)

# ગાંધીનગરના ઉમેદવારોએ ઘરવખરીની ચીજો ચૂંટણી પ્રતિક તરીકે અપનાવી

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં ૧૮ ઉમેદવારો મેદાનમાં રહેતા આ ઉમેદવારોએ તેમના ચૂંટણી ચિહ્નમાં પણ ઘરવખરીની વસ્તુઓ પર પસંદગી ઉતારી છે. ખાટલો, હાથબત્તી, ઝાડુ, સ્લેટ, ગેસ સિલીડર, વીંટી, છરો, પતંગ, મીણબત્તી, લીલું મરચું જેવા પ્રતિકની પસંદગી કરી છે.

| ક્રમ | ઉમેદવારનું નામ | પક્ષ જોડાણ | ફાળવેલ પ્રતિક |
|---|---|---|---|
| ૧ | એલ.કે. અડવાણી | ભારતીય જનતા પાર્ટી | કમળ |
| ૨ | કિરીટભાઈ ઈશ્વરભાઈ પટેલ | ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ | હાથ |
| ૩ | નિરંજન ઘોષ | બહુજન સમાજ પાર્ટી | હાથી |
| ૪ | અજમલભાઈ રામાભાઈ વાણિયા | બહુજન મુકિત પાર્ટી | ખાટલો |
| ૫ | ઠાકોર રવાજી જુહાજી | વિશ્વ હિન્દુસ્તાની સંગઠન | બેટસમેન |
| ૬ | પટેલ પિયુષકુમાર દશરથલાલ | નેશનલ યુથ પાર્ટી | હાથ બત્તી |
| ૭ | મનોજ જે. નાયક | લોકતાંત્રિક રાષ્ટ્રવાદી પાર્ટી | વાંસળી |
| ૮ | રીતુરાજ મહેતા | આમ આદમી પાર્ટી | ઝાડુ |
| ૯ | ઠાકોર ચંદ્રસિંહ જવાનસિંહ | અપક્ષ | શીશી |
| ૧૦ | દિપીકાબેન સુતરીયા | અપક્ષ | પાટી |
| ૧૧ | દેસાઈ ખોડાભાઈ લાલજીભાઈ | અપક્ષ | લીલુ મરચું |
| ૧૨ | પગી ગણપતભાઈ માવજીભાઈ | અપક્ષ | સીટી |
| ૧૩ | બિરજુસિંહ મોતીસિંહ ક્ષત્રીય | અપક્ષ | વીંટી |
| ૧૪ | બ્રહ્મભટ્ટ સંજયભાઈ અમરકુમાર | અપક્ષ | છરો |
| ૧૫ | રાજ પ્રજાપતિ | અપક્ષ | પતંગ |
| ૧૬ | રાહુલ ચિમનભાઈ મહેતા | અપક્ષ | મીણબત્તીઓ |
| ૧૭ | વાઘેલા કિશોરસિંહ મહોબતસિંહ | અપક્ષ | કાતર |
| ૧૮ | એમ.કે. શાહ | અપક્ષ | ગેસ સિલિન્ડર |

# આંબેડકર જયંતિની પરંપરાગત ઉજવણી

ગાંધીનગર, તા.૧૪

ભારતના બંધારણના ઘડવૈયા બાબા સાહેબ આંબેડકરની ૧૨૪મી જન્મજયંતિની આજે પરંપરાગત રીતે ઉજવણી કરવામાં આવી હતી. જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ભીમરાવ આંબેડકર એક અસામાન્ય નેતા હતા. ભારતના કલ્યાણ માટે તેઓએ સમગ્ર લાઈફ આપી દીધી હતી. ભારતીય જનતા પાર્ટીના પ્રધાનમંત્રીપદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ દલિતોદ્ધારક ડો. બાબા સાહેબ આંબેડકરની આજે જન્મજયંતિએ તેમની પ્રતિમા સમક્ષ ગાંધીનગરમાં શ્રધ્ધા સુમન અપર્ણ કર્યા હતા. નરેન્દ્ર મોદીએ દેશને સંવિધાનની અણમોલ ભેટ આપનારા બાબા સાહેબને દલિતો, વંચિતો, શોષિતોના કલ્યાણ માટે આજીવન પ્રતિબંધ વ્યક્તિત્વ ગણાવતાં કહ્યું કે, દેશનું દુર્ભાગ્ય છે કે, વંચિતો, શોષિતોના આ મસિહાને કોંગ્રેસી શાસકો સતત અન્યાય કરતા રહ્યા છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, કોંગ્રેસના શહેજાદા પોતાના ભાષણોમાં કોંગ્રેસે દલિતો,વંચિતો માટે જાણે તેમના પક્ષે જ કામો કર્યા હોય તેવાં ખોટા ગાણા ગાય છે. તેમને સંવિધાનની પ્રક્રિયામાં ડો. બાબાસાહેબ આંબેડકરના યોગદાનને ભૂલાવી દઈ કોંગ્રેસ પક્ષને જ દલીલો-પીડિતોના ઉદ્ધારક તરીકે ખોટી ક્રેડિટ

આપવાની વાતો કરીને દેશના દલિતોનું જ નહીં, બાબા સાહેબનું પણ અપમાન કર્યું છે. મુખ્યમંત્રીએ આ પ્રસંગે કહ્યું કે, ડો. ભીમરાવ આંબેડકર એ વંચિત વર્ગોને સંગઠિત-શિક્ષિત બનવાનું જે આહવાન કર્યુ હતું તેને આત્મસાત કરીને તેમના ચીંધેલા માર્ગે ચાલીએ, સંગઠિત બનીએ તે જ તેમને સાચી શ્રધ્ધાજંલી છે. દરમિયાન દેશભરમાં આજે ભારતના બંધારણના ઘડવૈયા બાબા સાહેબ આંબેડકરની ૧૨૪મી જન્મ જયંતિની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી, ત્યારે આ નિમિત્તે ગુજરાત યુનિવર્સિટી લાયબ્રેરી ખાતે આજે એક પુસ્તક પ્રદર્શન ખુલ્લું મુકવામાં આવ્યું હતું જે આવતીકાલ સાંજે સુધી ખુલ્લું રહેશે. વિદ્યાર્થીઓ તેમજ યુનિવર્સિટીના અન્ય મુલાકાતીઓ આ પુસ્તક પ્રદર્શનની મુલાકાત લઈ શકશે. ડો. બાબા સાહેબ આંબેડકરના જીવન, વિચાર, પ્રદાન સાથે સંકળાયેલા પુસ્તક પ્રદર્શનનું આજે સવારે યુનિવર્સિટીના કુલપતિ એમ.એન. પટેલે ઉદઘાટન કર્યું હતું.

## હાથમાં શુક્રથી એક રેખા હૃદય સુધી આવે તો લગ્નજીવન બગાડે છે

(૧) મંગળ અને રાહુ ખાસ સ્થાને ભેગા થઈને ફાસ્ટ કમાણી કરાવે છે. (૨) હાથમાં હૃદયરેખા નાની હોય તો લગ્નમાં વિલંબ થાય. (૩) વાયવ્ય ખૂણાના દોષથી સંધિવા, કેડ, હાડકાંની તકલીફ, ઘૂંટણનો દુઃખાવો થાય છે. (૪) કુંડળીમાં બુધ ૭માં ભાવને જોવે તો લગ્નજીવન દુઃખી થાય છે. (૫) હૃદય રેખા સુધી ગુરૂ જાય તો જલ્દી લગ્ન થાય છે. (૬) વાસ્તુશાસ્ત્ર મુજબ ઘરમાં આકાશતત્વ બગડે તો માનસિક તકલીફ અને અશાંતિ ઉભી થાય છે. (૭) એક્ટર કે ગાયક થવા ભાગ્યસ્થાને ઉચ્ચનો શુક્ર હોવો જરૂરી છે. (૮) મસ્તક રેખા ગુરૂથી નીકળી ચંદ્ર સુધી જાય અને બુધ સારો હોય તો વ્યક્તિ સર્જન, ડૉક્ટર બને છે. (૯) ઘરમાં પૈસાની તંગી અને રોગ માટે મુખ્ય દરવાજો તેમજ તેનો કલર જવાબદાર છે. (૧૦) કુંડળીમાં ૭મા સ્થાનનો ગુરૂ દુષિત થઈ ભાગ્યસ્થાનમાં જાય તો લગ્ન વિદેશમાં થાય છે. (૧૧) મસ્તક રેખામાંથી એક રેખા હૃદયરેખાને મળી પાછી ત્યાં આવે તો પ્રિય પાત્ર સાથે લગ્ન થતા નથી.

વાસ્તુ વિઝીટ-હસ્તરેખા-કુંડળી માટે એપોઈન્ટમેન્ટ લેવી.

**ડો. નાણાવટી : 93761 36727, સે.૫/બી**

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.
મધુર ડેરી 'ક' રોડ, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૫, ગાંધીનગર
ફોન: ૨૩૨૮૭૧૩૪ થી ૩૮, ફેક્સ: ૨૩૨૮૭૧૪૦
The Taste of Capital
આથી ગાંધીનગર શહેરના સર્વે માનવંતા ગ્રાહકોને આનંદ સાથે જણાવવાનું કે, મધુર ડેરી દ્વારા એક નવિનતમ અભિગમ "Madhur Dairy on the Wheel" સાથે મધુરના મધુર ગ્રાહકોને મધુરની દરેક પ્રોડક્ટ સહેલાઈથી મળી શકે તે હેતુસર 'મધુર મોબાઈલ વાન' તા. ૧૬-૪-૨૦૧૪ના રોજથી શરૂ કરી રહ્યા છીએ. સદર વાન પાર્લર એસ.બી.આઈ. (સચિવાલય) પોઈન્ટ બસ સ્ટેન્ડ (સચિવાલય), અક્ષરધામ તેમજ 'ઘ-૪' સર્કલ પાસે રહેશે.
રોહિત મહેતા - મેનેજીંગ ડિરેક્ટરશ્રી
ડો. શંકરસિંહ રાણા - ચેરમેનશ્રી

જોઈએ છે
રસોઈ તથા ઘરકામ અને ડ્રાઈવીંગ કરી શકે તેવા માણસની જરૂર છે.
૨૪ કલાક રહેવા સાથે
સેક્ટર-૮, ગાંધીનગર
મો. : ૯૮૨૪૪ ૪૨૭૭૯

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૯
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જિન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com